بسم الله الرحمن الرحيم

## કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

# મઆરિફુલ કુર્આન

## ગુજરાતી


**મૂળ લેખક**

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

**અનુવાદક**

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)



**પ્રકાશક**

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ,

તા. જિ. ભરૂચ (ગુજરાત)






www.maarifulqurangujarati.com


**કાનૂની ચેતવણી:** ● આ તફસીરનો હેતુ ફી-સબિલિલ્લાહ પ્રચાર પ્રસારનો છે, જેથી કોઈપણ વ્યક્તિએ પ્રસ્તુત વેબસાઈટના કોઈપણ સાહિત્યનો અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ વેપારી ધોરણે કરવાની અથવા કિતાબ સ્વરૂપે છપાવવાની સખત મનાઈ છે. માત્ર ઓનલાઈન શેરીંગ કોઈપણ પ્રકારના એડીટીંગ સિવાય કરી શકાય છે.

● પ્રકાશક પાસે આ તફસીરના પિન્ટેડ કોપીના સર્વ હક્ક કોપી રાઇટેડ હોવાના કારણે મઆરિફુલ કુર્આન ગુજરાતીમાંથી પ્રકાશક અને અનુવાદકનો પ્રિન્ટેડ કોપીનો પેજ નંબર, ભાગ નંબરનો હવાલો આપી કોઈ ફકરો કે વાક્ય કોઈ કિતાબ અથવા લેખમાં કોઈપણ જાતના એડીટીંગ વિના લખી / છાપી શકાય છે.

● આ બાબતોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની સખત ચેતવણી આપવામાં આવે છે.


નોંધ : મઆરિફુલ કુર્આન ગુજરાતીના ૧૧ ભાગોની હાર્ડ પ્રિન્ટેડ કોપી મેળવવા માટે પ્રકાશક હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સાહબનો સંપર્ક કરવા વિનંતી છે.


Designed and Typesetting By: **Safwan Patel Khanpuri**

પ્રકરણ (૧૧૨)

# સૂરએ ઇખ્લાસ

સૂરએ ઈખ્લાસ મક્કામાં નાઝિલ થઈ, તેની ચાર આયતો છે.

## આયતો : (સૂરએ ઇખ્લાસ : આયત નં. ૧ થી ૪)

ايَاتُهَا ٤ ﴿١١٢ سُوْرَةُ الْإِخْلَاصِ مَكِّيَّةٌ ٢٢﴾ رُكُوْعُهَا ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۚ ﴿١﴾ اَللّٰهُ الصَّمَدُ ۚ ﴿٢﴾ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۙ ﴿٣﴾ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ﴿٤﴾

## તરજુમો :

*અલ્લાહના નામથી શરૂ કરું છું જે મહાકૃપાળુ અને મહાદયાળુ છે.*

*તમે કહો, તે અલ્લાહ એક છે. (૧) અલ્લાહ બેનિયાઝ છે. (૨) ન તો તેને કોઈ અવલાદ છે અને ન જ તે કોઈની અવલાદ છે. (૩) અને તેના સમકક્ષ બીજું કોઈ નથી. (૪)*

## તફસીર :

(આ સૂરતનો સબબે નુઝૂલ એટલે કે આ સૂરત ઊતરવાની પૂર્વભૂમિકા એ છે કે એક વખતે મુશ્રિકોએ રસૂલે કરીમ ﷺને કહ્યું કે પોતાના પરવરદિગારની સિફતો અને વંશ વર્ણન કરો, તેના ઉપર આ સૂરત નાઝિલ થઈ. –દૂર્રે મન્સૂર) તમે (તે લોકોને) કહી આપો કે તે અલ્લાહ તઆલા (પોતાના લક્ષણો અને સિફતોમાં) એકમાત્ર છે (તેની જાતનું વિશિષ્ટ લક્ષણ એ છે કે જે હંમેશા મોજૂદ છે, એટલે કે હંમેશાથી છે અને હંમેશા રહેશે અને તેની સિફતોની વિશિષ્ટતા એ છે કે જ્ઞાન, શક્તિ વગેરે તેની હંમેશાથી અને સર્વત્ર છવાયેલ સિફતો છે અને) અલ્લાહ બેનિયાઝ છે (એટલે કે તે કોઈનો મોહતાજ નથી અને બધા જ તેના મોહતાજ છે) તેને અવલાદ નથી અને તે કોઈની અવલાદ નથી અને કોઈ તેનો સમોવડિયો નથી.

# વિસ્તૃત વિવરણ :

## સૂરત ઊતરવાની પૂર્વભૂમિકા :

તિરમિઝી, હાકિમ વગેરેની રિવાયતમાં છે કે મક્કાના મુશ્રિકોએ રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલાના વંશના સંદર્ભમાં પૂછ્યું હતું, તેના જવાબમાં આ સૂરત નાઝિલ થઈ. અમુક બીજી રિવાયતોમાં આ સવાલ મદીનાના યહૂદીઓ સાથે સંબંધિત છે. એટલા માટે આ સૂરત મક્કી અથવા મદની હોવામાં મતભેદ છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હસન બસરી, અતાઅ્, ઈકરીમા, જાબિર (રદિ.) તેને મક્કી કહે છે અને હઝરત કતાદહ, ઝહ્હાક (રદિ.) વગેરે મદની કહે છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના બે નિવેદનો નકલ થયા છે.

*(કુર્તુબી)*

અમુક રિવાયતોમાં છે કે મુશ્રિકોએ સવાલમાં એવું પણ પૂછ્યું હતું કે અલ્લાહ તઆલા કઈ વસ્તુનો બનેલો છે ? સોનાનો ? ચાંદીનો ? અથવા બીજી કોઈ વસ્તુનો ? તેના જવાબમાં આ સૂરત નાઝિલ થઈ.

## સૂરતની વિશિષ્ટતા :

ઈમામ અહમદ (રહ.)એ હઝરત અનસ (રદિ.)ની રિવાયત વર્ણન કરી છે કે એક વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો અને વિનંતી કરી કે મને આ સૂરત (એટલે કે સૂરએ ઈખ્લાસ) સાથે ઘણી મહોબ્બત છે, રસૂલે કરીમ ﷺએ કહ્યું કે તેની મહોબ્બતે તમને જન્નતમાં દાખલ કરી દીધા.

*(ઈબ્ને કસીર)*

તિરમિઝીએ હઝરત અબૂહુરયરહ (રદિ.)થી રિવાયત કરી છે કે એક વખતે રસૂલે કરીમ ﷺએ લોકોને કહ્યું કે બધા એકઠા થઈ જાઓ, હું તમને ત્રીજા ભાગનું કુર્આન સંભળાવીશ. જેઓ ભેગા થઈ શકતા હતા તે થઈ ગયા, ત્યાર પછી આપ ﷺ ઉપસ્થિત થયા અને આ સૂરતની કિરાઅત કરી અને કહ્યું કે આ સૂરત ત્રીજા ભાગના કુર્આન સમાન છે.

*(રવાહુ મુસ્લિમ)*

અબૂદાવુદ, તિરમિઝી, નસાઈએ એક લાંબી હદીષમાં રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ સવાર અને સાંજ આ સૂરત અને

"મઅવ્વઝતયન" (સૂરએ ફલક અને સૂરએ નાસ) પઢ્યા કરે તો તે તેના માટે પૂરતું છે અને એક રિવાયતમાં છે કે તે તેને દરેક આફતથી બચાવવા માટે પૂરતી છે.

*(ઈબ્ને કષીર)*

ઈમામ અહમદે હઝરત ઉકબા બિન આમિર (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હું તમને એવી ત્રણ સૂરતો બતાવું છું જે તવરાત, ઈન્જીલ, ઝબૂર અને કુર્આન સૌમાં નાઝિલ થઈ છે અને કહ્યું કે રાત્રે ત્યાં સુધી ન સૂવો જ્યાં સુધી આ ત્રણે (એટલે કે સૂરએ ફલક, સૂરએ નાસ અને આ સૂરત સૂરએ ઈખ્લાસ)ને ન પઢી લો. હઝરત ઉકબા (રદિ.) કહે છે, ત્યાર પછી મેં ક્યારેય તેને છોડી નથી.

*(ઈબ્ને કષીર)*

قُلْ هُوَاللّٰهُ اَحَدٌ ના શબ્દ قُلْ "કુલ"માં રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલત તરફ ઈશારો છે કે તેમને અલ્લાહ તઆલા તરફથી લોકોને માર્ગદર્શન આપવાનો હુકમ થઈ રહ્યો છે અને શબ્દ اَللّٰهُ અલ્લાહ તેની જાતનું નામ છે જે હંમેશા મોજૂદ છે અને તમામ વિશિષ્ટ લક્ષણોનું કેન્દ્ર છે અને બધી જ ઊણપોથી પવિત્ર છે. اَحَدٌ "અહદ" અને وَاحِدٌ "વાહિદ"નો તરજુમો આમ તો એકસમાન છે પરંતુ ભાવાર્થના આધારે اَحَدٌ "અહદ" શબ્દના અર્થમાં એ પણ સામેલ છે કે તે ક્રમ અને સંખ્યા અથવા એવી કોઈ વસ્તુની સમાનતા તથા સ્વરૂપથી તદ્દન પવિત્ર છે. એટલે કે તે કોઈ એક અથવા અનેક કે વિવિધ વસ્તુઓનો બનેલ નથી, ન જ તેમાં સંખ્યાની કોઈ સંભાવના છે અને ન જ કોઈ સમાનતાની. આ તે લોકોનો જવાબ થઈ ગયો જેઓ અલ્લાહ તઆલા વિશે પૂછતા હતા કે તે સોનાનો બનેલ છે કે ચાંદીનો અથવા કોઈ હીરા મોતીનો ? આ એક ટૂંકા વાક્યમાં તેની જાત અને સિફતો વિશેની દલીલ થઈ ગઈ અને قُلْ "કુલ" શબ્દમાં નુબુવ્વત અને રિસાલતનો મસ્અલો આવી ગયો, તેમાં વિચાર કરો તો આ એક ટૂંકું વાક્ય તે મોટી મોટી ચર્ચાઓ ઉપર છવાઈ ગયું છે જે મોટા મોટા ગ્રંથોમાં લખવામાં આવે છે.

اَللّٰهُ الصَّمَدُ માં صَمَدُ "સમદ"ના ઘણા અર્થ થઈ શકે છે તેથી તફસીરકારોના તેમાં અનેકવિધ નિવેદનો થયેલ છે. હદીષના ઈમામ તબરાનીએ

"કિતાબુસ્સુન્નહ"માં તે બધા જ નિવેદનો એકઠા કર્યા પછી લખ્યું છે કે આ બધા જ સાચા છે અને તેમાં જે સિફતો વર્ણન કરવામાં આવી છે તે બધી આપણા પરવરદિગારની સિફતો છે પરંતુ "સમદ" શબ્દનો મૂળ અર્થ એ છે કે લોકો પોતાની જરૂરિયાતો અને હાજતો માટે તેના શરણે જાય અને જે મહાનતા અને સરદારીમાં એવો છે કે તેનાથી કોઈ મોટો નથી. ખુલાસો એ છે કે બધા જ તેના મોહતાજ હોય પરંતુ તે કોઈનો મોહતાજ ન હોય.

*(ઈબ્ને કષીર)*

لَمۡ يَلِدۡ وَلَمۡ يُوۡلَدۡ આ તે લોકોને જવાબ છે જેઓ અલ્લાહ તઆલાના વંશ અને પેઢી વિશે સવાલ કરતા હતા કે તેને મખ્લૂક (અલ્લાહ તઆલાના સર્જન) ઉપર અનુમાનિત કરી શકાતો નથી જે નસલ અને વંશના દ્વારા જ અસ્તિત્વમાં આવે છે પરંતુ અલ્લાહ તઆલા ન તો કોઈની અવલાદ છે અને ન જ કોઈ તેની અવલાદ છે.

وَلَمۡ يَكُنۡ لَّهٗ كُفُوًا اَحَدٌ માં كُفُوً "કુફૂ"નો શાબ્દિક અર્થ ઉદાહરણ અથવા દષ્ટાંતનો થાય છે, તેનો ભાવાર્થ એ છે કે ન તો કોઈ તેના જેવો છે એટલે કે તેનો સમોવડિયો છે અને ન જ કોઈ તેનું સ્વરૂપ કે સમાનતા ધરાવે છે.

**સૂરએ ઇખ્લાસમાં સંપૂર્ણ તવહીદ છે અને દરેક પ્રકારના શિર્કનો નકાર છે :**

અલ્લાહ તઆલાની સાથે કોઈને ભાગીદાર સમજનાર તવહીદના ઈન્કારીઓ દુનિયામાં અનેક પ્રકારના થયા છે. સૂરએ ઈખ્લાસે દરેક પ્રકારની શિર્કિય્યહ માન્યતાઓનો નકાર કરીને સંપૂર્ણ તવહીદનો પાઠ આપ્યો છે, કારણ કે તવહીદના ઈન્કારીઓમાં એક જૂથ તો પોતે અલ્લાહના અસ્તિત્વનો જ ઈન્કાર કરે છે અને બીજા અમુક તેના અસ્તિત્વને તો માને છે પરંતુ તેને હંમેશા મોજૂદ નથી માનતા, અમુક એ બાબતને પણ માને છે પરંતુ તેના વિશિષ્ટ લક્ષણો અને સિફતોના ઈન્કારી છે, અમુક આ બધું જ માને છે પરંતુ પછી ઈબાદતમાં ગયરૂલ્લાહને ભાગીદાર ઠરાવે છે. આ બધી ખોટી માન્યતાઓનો રદિયો اَللّٰهُ اَحَدٌ "અલ્લાહુ અહદ"માં થઈ ગયો. અમુક લોકો ઈબાદતમાં પણ કોઈને ભાગીદાર નથી કરતા પરંતુ અલ્લાહ તઆલા સિવાય બીજાને દરેક જરૂરિયાતો પૂરી કરનાર

અને કાર્યસાધક સમજે છે, તેમની ખોટી માન્યતાનો રદિયો صَمَدُ "સમદ"માં થઈ ગયો. અમુક લોકો અલ્લાહ તઆલાની અવલાદ હોવાની માન્યતા ધરાવે છે لَمْ يَلِدْ "લમ યલિદ"માં તેનો રદિયો થઈ ગયો. وَاللّٰهُ سُبْحَانَهٗ وَتَعَالٰى اَعْلَمُ

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ ઈખ્લાસ પૂર્ણ થઈ.

❑❑❑❑❑❑❑❑❑❑

**ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી**

મઆરિફુલ કુર્આન ગુજરાતી
મૂળ તફસીર લખનાર : હઝરત મવલાના મુફ્તી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)
ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી
E-mail: saleh.printers786@gmail.com
Contact No.: 9898797394
પ્રકાશક (પ્રિન્ટેડ કોપી) : હઝ. મવલાના ઈસ્માઈલ ભૂતા સા. (દા.બ.)
મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ
ફોન નં. : (૦૨૬૪૨) ૨૭૦૩૩૦ / ૨૭૦૮૩૨
www.maarifulqurangujarati.com